==============================================================

કેસ રજૂ તા. :–૦૬/૧૧/૨૦૨૫

દાખલ કર્યા તા:૦૬/૧૧/૨૦૨૫

હુકમ કર્યા તા: ૧૯/૦૫/૨૦૨૬

અવધિ વર્ષ – માસ – દિવસ

૦૦ ૦૬ ૧૩

**રાપરના મહેરબાન પ્રિન્સીપાલ સિવીલ જજ અને જયુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની અદાલત સમક્ષ, મુ : રાપર–કચ્છ**

**ક્રિ.કે.નં.૧૩૯૫/૨૦૨૫**

આંક :–

ફરીયાદી :– શ્રી સરકાર

**વિરૂધ્ધ**

તહોમતદાર :– **રામદેવસિંહ ઉદુભા જાડેજા,**
રહે. સમાવાસ, રાપર તા. રાપર (કચ્છ).

==============================================================

**ગુનો:– પ્રોહી. એકટની કલમ : ૬૫ એએ મુજબ.**

==============================================================

**ફરિયાદપક્ષ તર્ફે વિધ્વાન એ.પી.પી.શ્રી.વી.કે.હઠીલા**
**બચાવપક્ષ તર્ફે વિધ્વાન વકીલ શ્રી એમ.ડી.ગઢવી**

==============================================================

**:: જ જ મે ન્ટ ::**

(૧) ફરીયાદપક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, તા.૧૯/૦૫/૨૦૨૫ ના રોજ આ કામના આરોપીએ પોતાના કબજામાં ગેરકાયદેસર રીતે અલગ અલગ બ્રાન્ડના બીયર નગ–૦૪, કીમત રૂા.૪૫૮/– તથા અલગ બ્રાન્ડના કવાટરીયા નંગ –૦૯, કીમત રૂા.૯૦૦/– એમ કુલ રૂા.૧૩૫૮/– નો મુદામાલ રાખી, આરોપી વિરુધ્ધ ધી બોમ્બે પ્રોહી. એકટની કલમ: ૬૫એએ મુજબનો ગુનો નોંધી ગુનાનું ચાર્જશીટ પોલીસ સ્ટેશન તરફથી રજુ કરેલ.

(૨) ચાર્જશીટ દાખલ થયેથી આરોપીને અત્રેની અદાલતમાં હાજર રહેવાનાં સમન્સ કરતા જે તેઓને બજી જતાં આરોપી હાજર થતાં, પોલીસ તપાસના કાગળોની નકલો વિના મૂલ્યે પુરી પાડવામા આવેલ છે અને ન્યાયીક કાર્યવાહી આગળ ચલાવામા આવેલ છે. આરોપી સામે આંક–૦૪ થી તહોમતનામુ ફરમાવ્યા બાદ આંક–૦૫ અન્વયે નિવેદન નોંધતા, આરોપીએ તેમની સામેનાં હાલના ગુનાનો ઈન્કાર કરતા કેસની કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ.

(૩) આ કામે ફરીયાદ પક્ષ તરફથી નીચે મુજબના પુરાવા રજુ કરવામાં આવેલ છે.

**–: મૌખીક પુરાવો :–**

– આંક–૧૧ થી ફરીયાદી/ત.ક.અ. રાજેશસિંહ ભીખુસિંહ જાદવની જુબાની

– આંક–૦૮ થી પંચસાહેદ ચમનભાઈ મગનભાઈ ચૌહાણની જુબાની

– આંક–૧૩ થી પંચસાહેદ ગીરીશભાઈ વિરમભાઈ શિયારીયાની જુબાની

**–: દસ્તાવેજી પુરાવો :–**

– આંક–૦૯ થી અટક /મુદામાલ રીકવરી પંચનામુ.

– આંક–૧૨ થી ફરીયાદ.

(૪) આ સિવાય ફરિયાદપક્ષ ધ્વારા અન્ય કોઈ પુરાવો રજુ કરવામાં આવેલ નથી. પંચનામાના એક પંચને તપાસવામાં આવેલા છે જયારે બીજા પંચને ડ્રોપ કરવામાં આવેલા છે. પ્રોહીબીશનના આ ગુનામાં પંચનામું સાબિત કરવું મહત્વનો આધાર પુરાવો બની રહે છે. તેમજ બીજી તરફ ફરિયાદપક્ષે પોતાનો કેસ નિ:શંક પણે એટલે કે શંકાઓથી પર જઈને સાબિત કરવાનો હોય છે. પરંતુ જો બીજો પંચ કોર્ટમાં જુબાની આપે અને પંચનામાને સમર્થન આપે તો પણ બંને પંચોની જુબાની વચ્ચે માનવા અંગે તફાવત ઉભો થાય. ત્યારે તેવી શંકાઓનો લાભ આરોપીને મળવો જોઈએ, તેવા નામદાર ગુજરાત હાઈકોર્ટ તથા નામ.સુપ્રીમ

==============================================================

કોર્ટના અનેક ચુકાદાઓથી પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત છે. બાદમાં એપીપીશ્રી એ પુરાવો પુરો થયાનું મૌખીક રીતે જાહેર કરતા તેના આધારે ફરિયાદપક્ષનો પુરાવો બંધ કરવામાં આવેલ છે અને ફરિયાદ પક્ષના પુરાવા આધારે આરોપીનું ક્રિ.પ્રો. કોડની કલમ ૩૧૩ મુજબ વિશેષ નિવેદન નોઘવા પાત્ર પુરાવો જણાતો ન હોય આરોપીનું વિશેષ નિવેદન લેવામાં આવેલ નથી.

(૫) આ કેસના નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

મુદ્દા નં.૧ :– શું ફરીયાદપક્ષ નિ:શંકપણે સાબીત કરે છે કે, તા.૧૯/૦૫/૨૦૨૫ ના રોજ આ કામના આરોપીએ પોતાના કબજામાં ગેરકાયદેસર રીતે અલગ અલગ બ્રાન્ડના બીયર નંગ–૦૪, કીમત રૂા.૪૫૮/– તથા અલગ બ્રાન્ડના કવાટરીયા નંગ–૦૯, કીમત રૂા.૯૦૦/– એમ કુલ રૂા.૧૩૫૮/– નો મુદામાલ રાખી, આરોપી વિરુધ્ધ ધી બોમ્બે પ્રોહી. એકટની કલમ: ૬૫એએ મુજબનો શિક્ષાપાત્ર ગુનાઓ કરેલ છે ?

મુદ્દા નં.૨ :– શું હુકમ ?

(૬) ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણયો નીચે મુજબ છે.

**મુદ્દા નં.૧ :– નકારમાં.**

**મુદ્દા નં.૨ :– આખરી હુકમ મુજબ.**

## <u>કા ર ણો</u>

(૭) આ કામે કેસની તપાસ દરમ્યાન કોઈ સ્વતંત્ર સાહેદોના નીવેદન નોંધવામાં આવેલા નથી. ખરેખર સ્વતંત્ર સાહેદ એ એવી વ્યકિત છે કે, પોતે જે કાંઈ જાણે છે તે જણાવી દે છે જયારે હિત ધરાવનાર સાહેદને પરિણામમાં રસ હોય છે, તે કોકને બચાવવા માંગે છે તો કોકને સમર્થન આપવા માંગે છે. તો કોઈકને સજા

==========================================================

કરવા ઈચ્છતા હોય છે. તેની જુબાની સંપૂર્ણપણે સાચી કે સંપૂર્ણપણે ખોટી હોતી નથી. સ્વતંત્ર સાહેદ જે જાણે છે તે કહે છે જયારે હિત ધરાવના સાહેદ જાણીબુઝી ને કંઈક છુપાવે છે અથવા કંઈક વધારીને કહે છે. તેથી આવા સાહેદની જુબાનીની છણાવટ એટલે કે મુલ્યાંકન અત્યંત સાવધાનીપૂર્વક તથા પુરી સભાનતાથી અદાલતે કરવુ જરુરી છે.

(૮) આ કામે ફરીયાદપક્ષ તરફે આંક–૦૮ થી પંચસાહેદ ચમનભાઈ મગનભાઈ ચૌહાણ તથા આંક–૧૩ થી પંચસાહેદ ગીરીશભાઈ વિરમભાઈ શિયારીયા ને સોગંદ ઉપર તપાસેલા છે. તેઓએ તેમની જુબાનીમાં માત્ર તૈયાર લખેલા પં ચનામામાં સહી કરેલાનુ અન્ય કોઈ બાબત જાણતા ન હોવાનુ જણાવેલ છે તેઓની સમગ્ર જુબાની ધ્યાને લેતા તેઓએ પંચનામા ની કાર્યવાહીને લેશમાત્ર સમર્થન કરેલ નથી અને તેઓને ફરી ગયેલા જાહેર કરવામાં આવેલ છે અને તેઓની જુબાનીથી પંચ નામુ પુરવાર કરવામાં ફરીયાદપક્ષ નિષ્ફળ ગયેલ છે.

(૯) ફરીયાદપક્ષે આંક–૧૧ થી ફરીયાદી/ત.ક.અ. રાજેશસિંહ ભીખુસિંહ જાદવની જુબાનીમાં તેઓ જણાવે છે કે, અમો સને ૨૦૨૫ ની સાલમાં રાપર પો.સ્ટેમાં પો.હે.કો તરીકે ફરજ બજાવતા હતા ત્યારે તા.૧૯/૦૫/૨૦૨૫ ના રોજ હુ તથા પોલીસ સ્ટાફના માણસો સાથે રાપર પો.સ્ટે વિસ્તારમાં પ્રા.વાહનથી પેટ્રોલીંગમા હતા દરમીયાન ફરતા ફરતા રાપર બસ સ્ટેન્ડ પાસે આવતા અમોને સાથેના મુકેશભાઈ ચાવડાના મોબાઈલમાં વોટસએપમાં વીડીયો આવેલ અને તેમાં વીદુ ેશી દારૂ વેચાણ કરતો એક ઈસમ જેનુ નામ રામદેવસીહ ઉદુભા જાડેજા સમાવાસ રાપર વાળો હોય જેથી પ્રોહીની રેઈડ કરવાની હોય અમોને બે પંચોના માણસો બોલાવવાનુ કહેતા નજીકમાંથી બે પંચોના માણસો બોલાવી રેઈડની સમજ કરી

==========================================================

==================================================================

જેમા પંચ–૧ ગીરીશ વીરમભાઈ સીયારીયા અને પંચ–૨ ચમન મગનભાઈ ચોહાણ વાળા હતા અને અમો પોલીસ તથા પંચોની અંગઝડતી કરતા કોઈ વાંધાજનક ચીજવસ્તુ મળી આવેલ નહી જેથી વીડીયો વાળી જગ્યાએ જઈ તપાસ કરતા રાપર બસ સ્ટેશન સામે આવેલ ગલીમાં એક ઈસમ કઈક સંતાડતો હોય તેને પકડી પંચો રૂબરૂ નામ ઠામ પુછતા પોતાનુ નામ રામદેવસીહ ઉદુભા જાડેજા રહે. રાપર વાળો હોવાનુ જણાવેલ તેની પુછ પરછ કરતા પંચો રૂબરૂ બીયર તથા કવાટરીયા મળી આવેલ જેમાંથી એક એક બોટલ સેમ્પલ અર્થે કબજે લઈ બાકીનો મુદામાલ કીમત રૂ.૧૩૫૮ ગણી અમો સાથેના પી.એલ.ફણેજાએ પંચનામાની વીગતે કબજે લીધેલ અને આરોપીને અટક કરેલ. સદર કાર્યવાહીમાં અમો સાથે હોય અમોએ સરકાર તરફે ફરીયાદ આપેલ મને ફરીયાદ બતાવવામાં આવે છે તેમાં મારી સહી છે જે હુ ઓળખુ છુ જેને કામમાં રજુ દાખલ આંક– ૧૨ આપવામાં આવે છે. ત્યારબાદ પી.એસ.ઓ તરફથી આગળની તપાસ અમોને સોંપતા અમોએ તપાસ સંભાળી લીધેલ અને લાગતા વળગતા સાહેદોના નીવેદન લઈ અને આ કામના સાહેદ મુકેશ તરસંગ ચાવડાનાઓએ જે તેઓના મોબાઈલમાં વીડીયો આવેલ તે વીડીયોની એક પેનડ્રાઈવમાં લઈ પેનડ્રાઈવ રજુ કરવા માંગતા હોય તેઓનુ વીશેષ નીવેદન લઈ તપાસના કામે કબજે લીધેલ જે પેનડ્રાઈવ મને બતાવવામાં આવે છે તે તેજ છે સદર કામે ૬૫ બી નુ સર્ટીફીકેટ રજુ થવા પર મુલતવી. આજરોજ તપાસ કરતા ૬૫ બી નુ સર્ટીફીકેટ મળી આવેલ નથી. આરોપી વિરુધ્ધ ચાર્જશીટ કરવા પુરતા પુરાવા જણાઈ આવતા નામદાર કોર્ટમા ચાર્જશીટ કરેલ. આરોપીને હુ ઓળખુ છું જે આજરોજ કોર્ટમા હાજર છે.

સદર સાહેદની બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટતપાસમાં એવી હકીકત સ્વીકારે છે કે, એ વાત ખરી છે કે ફરીયાદ આપનાર તથા તપાસ કરનાર હું

==========================================================

છુ. એ વાત ખરી નથી કે ફરીયાદના આધારે સાહેદોના નીવેદનો એક તરફી તપાસ કરી તપાસ કરી આરોપી સામે ખોટુ ચાર્જશીટ કરેલ છે. એ વાત ખરી છે કે આ કામે સ્વતંત્ર સાહેદોના નીવેદનો લીધેલા નથી. એ વાત ખરી છે કે ગુના વાળી જગ્યા રહેણાંક વાળી જગ્યા હોઈ ત્યા લોકોની અવર જવર રહેતી હોય છે. એ વાત ખરી છે કે મોબાઈલ માંથી જેણે વીડીયો વાયરલ કરેલ તે વ્યક્તિનુ નીવેદન લીધેલ નથી કે ખરાઈ કરેલ નથી. એ વાત ખરી નથી કે આરોપી સામે પુરતા પુરાવા ન હોવા છતા ખોટી ફરીયાદ કરી ખોટી રીતે અટક કરી ખોટુ ચાર્જશીટ કરેલ છે.

આમ, આ કામે ઉપરોકત તપાસેલ પોલીસ સાહેદોની જુબાની ધ્યાને લેતા, તેઓએ પોતાની ફરજના ભાગરૂપે ફરીયાદ મુજબની રેડમાં સામેલ રહયા છે અને તેથી તેઓ પોતાની જુબાની ધ્વારા આંક–૧૨ વાળી ફરીયાદને સમર્થન કરે તે સ્વાભાવિક છે પરંતુ તેઓની જુબાની અને ફરીયાદ ધ્યાને લેતા , સ્થાનીકે સ્વતંત્ર સાહેદો મળી શકે તેમ હોવાછતાં કોઈ સ્વતંત્ર સાહેદોનો પુરાવો ફરીયાદપક્ષે રજુ કરવામાં આવેલ નથી અને રેડમાં સામેલ અન્ય પોલીસ સાહેદને તપાસવામાં આવેલ નથી કે આ કામે નિષ્ણાંતનો અભિપ્રાય રજુ કરવામાં આવેલ નથી.

(૧૧) આમ જયારે પંચસાહેદ એ ફરીયાદપક્ષ ની હકકીત ને સમર્થન આપેલ ન હોઈ અને પંચનામુ નિશંકપણે પુરવાર થયેલ ન હોઈ ત્યારે આ કામે પોલીસ સાહેદ નો પુરાવો ધ્યાને લેવામાં આવે તો, તેઓએ સદર કહેવાતો મુદ્દામાલ પંચો રૂબરુ કબજે કરેલા ની હકીકત ને જણાવે છે પરંતુ સદર મુદ્દામાલ જે દારુ કબજે કરેલ છે.

તે મુજબની કાર્યવાહી રેકર્ડ પર આવવા પામેલ નથી. આમ, જયારે મુદ્દામાલ તરીકે દારુ કબજે લેવામાં આવે તો તેને વિના વિલંબે એફ.એસ.એલ. માં પરીક્ષણ અર્થે મોકલવાની જોગવાઈ કરવામાં આવેલ છે અને આવી કોઈ કાર્યવાહી પોલીસ સાહેદે કરેલ હોઈ તેવી કોઈ હકકીત જણાવેલ નથી તે ઉપરાંત ચાર્જશીટ સાથે કહેવાતો પકડાયેલ મુદ્દામાલ એ દારુ જ છે તે સાબીત કરવા માટે એફ.એસ.એલ.નો રીપોર્ટ પોલીસે ચાર્જશીટ સાથે રજુ કરેલ નથી કે તે અંગેનો કોઈ પુરાવો ચાલુ ટ્રાયલ દરમ્યાન પોલીસ અધિકારીઓ ધ્વારા પણ રજુ કરવામાં આવેલ નથી. આમ સદર ગુનાના કામે ફરીયાદપક્ષએ હકીકત નિશંકપણે પ્રસ્થાપિત કરી સાબીત કરી શકેલ નથી કે, આ ગુનાના કામે પંચો રૂબરુ કબજે લેવામાં આવેલ મુદ્દામાલ એ પ્રતિબંધીત દારુ જ છે. આમ, સદર કામે પોલીસ ે જે કહેવાતો પ્રતિબંધીત દારુ પંચનામાની રૂએ કબજે કરેલ છે તે પંચનામુ પણ ફરીયાદપક્ષના અન્ય સાહેદોના પુરાવાના આધારે નિશંક પણે પુરવાર થતુ નથી તેમજ સદર કામે કોઈ એફ.એસ.એલ નો રીપોર્ટ પણ રજુ કરવામાં આવેલ નથી. ત્યારે પંચ સાહેદનો પુરાવો ફરીયાદ પક્ષ સમર્થન કરતો ન હોઈ ત્યારે પોલીસ સાહેદ ના એકલા ના પુરાવાથી આરોપીને સજા કરી શકાય નહી. આમ આ કામે રજુ થયેલ ઉપરોકત સમગ્ર પુરાવો જોવામાં આવે તો પંચ સાહેદના પુરાવાથી ફરિયાદ પક્ષના કેસની હકીકતને કે પંચનામાની હકીકત ને કોઈ સમર્થન મળતુ નથી તેમજ પુરાવાને ધ્યાનમાં લેતા બનાવવાળી જગ્યા એ સ્વતંત્ર સાહેદો સહેલાઈથી મળી શકે તેમ હોવાનું ફલિત થાય છે તેમ છતાં આ કામે કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદનો નોંધવામાં આવેલ નથી કે સાહેદ તરીકે પણ તેઓનું નામ ચાર્જશીટમાં દર્શાવવામાં આવેલ નથી. આ ઉપરાંત સદર સાહેદના પુરાવાને ધ્યાનમાં લેતા દારુનો મુદામાલ જયાંથી કબજે

લેવામાં આવેલ છે તેની માલીકી અને કબજો ભોગવટો આરોપીનો હોવા બાબતે પણ કોઈ દસ્તાવેજી પુરાવો રજુ કરવામાં આવેલ નથી.

આ સિવાય ફરિયાદ પક્ષ દવારા અન્ય કોઈ પુરાવો રજુ કરવામાં આવેલ નથી. પંચનામાના એક પંચને તપાસવામાં આવેલા છે જયારે બીજા પંચને ડ્રોપ કરવામાં આવેલા છે. પ્રોહીબીશનના આ ગુનામાં પંચનામું સાબિત કરવું મહત્વનો આધાર પુરાવો બની રહે છે તેમજ બીજી તરફ ફરિયાદ પક્ષે પોતાનો કેસ નિ:શંકપણે એટલે કે શંકાઓથી પર જઈને સાબિત કરવાનો હોય છે. પરંતુ જો બીજો પંચ કોર્ટમાં જુબાની આપે અને પંચનામાને સમર્થન આપે તો પણ બંને પંચોની જુબાની વચ્ચે માનવા અંગે તફાવત ઉભો થાય. ત્યારે તેવી શંકાઓનો લાભ આરોપીને મળવો જોએ તેવા નામદાર ગુજરાત હાઈકોર્ટ તથા નામ.સુપ્રીમ કોર્ટના અનેક ચુકાદાઓથી પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત છે. બાદમાં એપીપીશ્રી એ પુરાવો પુરો થયાનું મૌખીક રીતે જાહેર કરતા તેના આધારે ફરિયાદ પક્ષનો પુરાવો બંધ કરવામાં આવેલ છે અને ફરિયાદ પક્ષના પુરાવા આધારે આરોપીનું ક્રિ. પ્રો.કોડની કલમ ૩૧૩ મુજબ વિશેષ નિવેદન નોધવા પાત્ર પુરાવો જણાતો ન હોય આરોપીનું વિશેષ નિવેદન લેવામાં આવેલ નથી.

બીજા પાસા મુજબ આ કામે નામદાર ગુજરાત હાઈકોર્ટનો ચુકાદો **સ્ટેટ ઓફ ગુજરાત વિ. સુરેશભાઈ એસ પટેલ જીએચજે ૨૦૧૧** ભાગ ૨૬ પાનાં નં ૧ નો ચુકાદો ધ્યાને લીધો. જેમા ઠરાવેલ કે જો મૌખીક તથા દસ્તાવેજી પુરાવાથી અગર એક પંચસાહેદ હોસ્ટાઈલ જાહેર થવાથી પણ પઝેશન જડતી અને જપ્તીનાં પ્રોહીબીશનનાં કેસ Beyond reasonable doubt પુરાવાર થઈ શકે નહી અને નામદાર હાઈકોર્ટે નીર્દોષ ઠરાવીને છોડી મુકતા ચુંકાદાને યથાર્થ ઠેરવેલ. સદર કેસમાં પંચો વિમુંખ છે. ખુદ ફરીયાદપક્ષ તે નિ:શંકપણે પુરવાર કરી

શકેલ નથી કે કથીત મુદ્દામાલ આરોપીનાં સભાનપણાનાં કબજા Exclusive and Conscious Possession માંથી કબજે લેવાયેલ છે. આથી આ કામે થયેલ જડતી અને જપ્તીની પ્રક્રીયા પણ શંકાસ્પદ થયેલ હોવાનુ જણાય છે.

આથી જયારે ભારત દેશમાં કોર્ટો માં ઘણાં કોન્ટેસ્ટેડ કેસો પેન્ડીંગ છે ત્યારે જયારે હાલ નાં કેસમાં મુખ્ય મહત્વનાં સાહેદે ફરીયાદપક્ષનાં કેસને સપોર્ટ કરેલ નથી ત્યારે બાકીનાં સાહેદો કે જે પોલીસ સાહેદો છે તેઓને તપાસવાથી પણ **Criminal Jurisprudence** મુજબ કેસ નિ:શંક પુરાવાથી પુરવાર થઈ શકે તેમ નથી. તે સંજોગોમાં રજુ થયેલ સમગ્ર પુરાવો ઘ્યાને લેતાં આ કામના આરોપી ને તેઓની સામેના ગુન્હામાં સાંકળી તકસીરવાર ઠરાવવા માટે યોગ્ય અને જરૂરી પુરાવાઓનો અભાવ હોઈ તેઓને નિર્દોષ ઠરાવી છોડી મૂકવા ન્યાયોચિત જણાતું હોઈ, મુદ્દા નં.૦૧ નો નિર્ણય નકારમાં આપી, મુદ્દા નં.૦૨ પરત્વે નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

**–:હુકમ:–**

૧. આ કામના આરોપી **રામદેવસિંહ ઉદુભા જાડેજા,** રહે. સમાવાસ, રાપર તા. રાપર (કચ્છ) નાઓને ધી બોમ્બે પ્રોહી. એકટ કલમ : ૬૫એએ મુજબનાં ગુનામાંથી બી.એન.એસ.એસ.ની કલમ– ૨૭૧ અન્વયે શંકાનો લાભ આપી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

૨. ભવિષ્યમાં આ ચુકાદા વિરુઘ્ધ અપીલ દાખલ થાય તો તેવા સંજોગોમાં આ કામના આરોપીની હાજરી ઉપલબ્ધ રહે તે હેતુથી બી.એન.એસ.એસ.ની કલમ–૪૮૧ માં કરવામાં આવેલી જોગવાઈ અનુસાર દરેક આરોપી એ રુા.૫,૦૦૦/– (અંકે રુપિયા પાંચ હજાર પુરા) ના સઘ્ધર જામીન અને તેટલી જ રકમના જાત જામીન આપવા આથી હુકમ કરવામાં આવે છે.

આરોપીએ અગાઉ રજુ કરેલ જામીન વધુ ૬ માસ માટે ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

૩. પ્રોહી મુદ્દામાલનો અપીલ સમય બાદ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી સહી કરી જાહેર કર્યો.

સ્થળ : રાપર (કચ્છ)
તા.: ૧૯–૦૫–૨૦૨૬

(અમિત મહેન્દ્રભાઈ પાટડીયા)
[U.I.C.No.GJ-01434]
જ્યુડીશિયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ
રાપર (કચ્છ)